# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 08-11-2025 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## ધો.10-12 બોર્ડ પરીક્ષાનો કાર્યક્રમ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-10 અને 12 બોર્ડની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. આ વખતે પરીક્ષા 26 ફેબ્રુઆરીથી શરૂ થશે. ધોરણ-10ની પરીક્ષા 16 માર્ચ સુધી યોજાશે જયારે ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા 13 માર્ચ અને ધોરણ-12 સામાન્ય પ્રવાહની પરીક્ષા 16 માર્ચ સુધી ચાલશે. ગત વર્ષની જેમ આ વર્ષે પરીક્ષા 10 દિવસ વહેલી શરૂ થશે.

આ માટેના ફોર્મ ભરવાની શરૂઆત ગઈકાલથી થઇ ગઈ છે. વિદ્યાર્થીઓ 6 ડિસેમ્બર સુધીમાં ઓનલાઈન પરીક્ષા ફોર્મ બોર્ડની વેબસાઇટ gseb.org પર ભરી શકશે.

------------------------------------------------------------------------------------------

## પશુમેળો

ભુજ તાલુકાના હોડકો ગામ નજીક સિમ વિસ્તારમાં 17મો પશુ મેળો યોજાયો છે. બન્ની પશુ ઉછેરક માલધારી સંગઠન દ્વારા યોજાઈ રહેલા આ બે દિવસીય પશુમેળામાં જીલ્લાના વિવિધ વિસ્તારમાંથી માલધારીઓ પોતાના પશુ સાથે ઉમટી પડ્યા છે. જેમાંગાય, ભેંસ, ઘોડા સહિતના મોટી સંખ્યામાં પશુઓની લે-વેચ કરવામાં આવી રહી છે. પશુ ખરીદ માટે કચ્છ સિવાય ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાંથી પણ રસ ધરાવતા લોકો પશુ મેળાં આવ્યા છે. આજે પ્રથમ દિવસે નખત્રાણા તાલુકાના વિથોણ ગામની ભેંસની જોડી 9 લાખ 51 હજારમાં વેંચાઈ હોવાની જાણકારી મળી છે.

આ પહેલા આજે પશુ મેળાની શરૂઆત જિલ્લાના સાંસદ વિનોદ ચાવડા, રાજ્ય મંત્રી ત્રિકમ છાંગા, જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા, જીલ્લાના ધારાસભ્યો સહિતના પદાધિકારીની ઉપસ્થિતીમાં કરવામાં આવી હતી. મેળામાં બન્નીની સંસ્કૃતિની ઝાંખી ધરાવતા પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

આજે બપોરે ઘોડા અને માણસ દોડ હરિફાઇ, દૂધ દોહન હરિફાઈ યોજાઈ હતી. તેમજ મોડી રાત સુધી સિંધી સાંસ્કૃતિક કાર્યક્રમની રમઝટ જામશે. આવતીકાલે દૂધ દોહન હરિફાઈ, પશુઓની તંદુરસ્તી હરિફાઈ અને બખ મલાખડો સ્પર્ધા યોજાશે.

બન્નીની સ્થાનિક ભાતીગળ સંસ્કૃતિ જળવાઈ રહે તેમજ બન્ની નસલની ભેંસો તથા પશુની પ્રજાતી કાયમ રહે તેવા હેતુસર કરવામાં આ પશુમેળો દર વર્ષે યોજવામાં આવે છે તેમ બન્ની પશુ ઉછેરક માલધારી સંગઠનના ઈસા મુતવા અને ઇમરાનખાન મુતવાએ જણાવ્યું હતું

---------------------------------------------------------------------------------------

## સુથરી – મરીન ટાસ્ક ફોર્સ શસ્ત્ર પ્રદર્શન

અબડાસા તાલુકાના સુથરીમાં મરીન ટાસ્ક ફોર્સ દ્વારા શસ્ત્ર પ્રદર્શન અને સેમિનાર યોજાયો હતો. જેમાં આધુનિક હથિયારો તેમજ વિવિધસામગ્રી અંગે ગ્રામજનોને સમજ આપવામાં આવી હતી.

આ પ્રસંગે મરીન ટાસ્ક ફોર્સના ડીવાયએસપી આર.એમ.ચૌધરીએ જણાવ્યું કે, કટોકટીની સ્થિતિમાં પોલીસ અને પ્રજાજનો વચ્ચે સુદ્રઢ સમન્વય કેળવાય તે માટે આ આયોજન હાથ ધરાયું છે. દરિયાઈ વિસ્તારમાં શંકાસ્પદ બોટ કે અજાણ્યા વ્યક્તિઓની ગતિવિધિઓ દેખાય તો પોલીસને તાત્કાલિક જાણ કરવા અપીલ કરી હતી.

સેમિનારમાં ગ્રામપંચાયતના પ્રતિનિધિઓ, ગ્રામજનો તેમજ સુથરી ગામની બન્ને શાળાના બાળકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

---------------------------------------------------------------------------------------

## રાજ્ય સરકાર : રાહત પેકજ : પ્રતિભાવ

રાજ્ય સરકારે કમોસમી વરસાદથી અસરગ્રસ્ત થયેલા ખેડૂતો માટે **10** હજાર કરોડ રૂપિયાનું સહાય પેકેજ જાહેર કર્યું છે ત્યારે કચ્છના તમામ ખેડૂતો તથા દૂધ ઉત્પાદકો વતી સરહદ ડેરીના ચેરમેન વલમજી હુંબલે આભાર વ્યક્ત કર્યો છે.

**(બાઈટ... સરહદ ડેરીના ચેરમેન વલમજી હુંબલ)**

**--------------------------------------------------------------------------------------------------**

## વંદે માતરમ્ – 150 વર્ષની ઉજવણી

રાષ્ટ્રગીત 'વંદે માતરમ'ના દોઢસો વર્ષની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાવામાં આવી રહ્યું છે.

તાલુકા આરોગ્ય કચેરી ભચાઉ ખાતે રાષ્ટ્રગીત સામૂહિક ગાન તથા સ્વદેશી શપથ કાર્યક્રમ યોજાયો હતો. ભુજમાં શ્રી આર. આર. લાલન કોલેજ ખાતે પણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

**--------------------------------------------------------------------------------------------------**

## ક્રિકેટ

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની પાંચમી અને અંતિમ ટી **20** મેચ વરસાદને કારણે રદ થતાં ભારતીય ટીમે શ્રેણી બે વિરુદ્ધ એક મેચથી જીતી લીધી છે. બ્રિસ્બેન ખાતેની મેચમાં ભારતે એક પણ વિકેટ ગુમાવ્યા વિના **52** રન કર્યા હતા ત્યારે વરસાદને કારણે મેચ અટકાવવી દેવી પડી હતી અને પછી પણ વરસાદ ચાલુ રહેતા તેને રદ કરવી પડી હતી. શ્રેણીની પ્રથમ મેચ પણ વરસાદને કારણે રદ થઈ હતી.

**--------------------------------------------------------------------------------------------------**

## ભચાઉ રેલવે : ટ્રેક કામગીરી

ભચાઉ શહેરમાં રેલવે દ્વારા નવા ટ્રેક નાખવાની કામગીરી ચાલી રહી છે. ત્યારે આ કામગીરીને કારણે બે મુખ્ય માર્ગો બંધ કરી દેવાયા છે, જેના પરિણામે નગરજનોને હાલાકીનો

**સામનો કરવો પડી રહ્યો છે. જેથીં, સ્થાનિકો દ્વારા વૈકલ્પિક માર્ગની વ્યવસ્થા કરવા માટે માંગ ઉઠી છે.**

**------------------------------------------------------------------------------------------------**

## ઉલ્કાવર્ષા

**આગામી 16 થી 18 નવેમ્બરની વહેલી પરોઢે લિઓનીડસ ઉલ્કાવર્ષાનો અદ્ભુત ખગોળીય નજારો આકાશમાં જોવા મળશે. ખગોળપ્રેમીઓ મધ્યરાત્રિ બાદથી વહેલી સવાર સુધી આ નજારો માણી શકશે. દર વર્ષે નવેમ્બરની શરૂઆતમાં દેખાતી આ ઉલ્કાવર્ષા રાત્રી આકાશને પ્રકાશિત કરતી હોય છે.**

**------------------------------------------------------------------------------------------------**

## ઠંડી

**જીલ્લામાં છેલ્લા બે દિવસથી ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. રાજ્યના વિવિધ જિલ્લાઓમાં પણ તાપમાનનો પારો ગગડ્યો છે. આ સાથે જ નલિયા 16.3 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે હાલ સૌથી ઠંડુ શહેર રહ્યું છે. જ્યારે ભૂજમાં મહત્તમ તાપમાન 34.5 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ઉત્તર તરફથી પવન આવતા તાપમાન ઘટી શકે છે તેમ હવામાન ખાતાએ જણાવ્યું છે. મોટાભાગે 2-3 ડિગ્રી તાપમાન ઘટવાની શક્યતા છે.**

**------------------------------------------------------------------------------------------------**